સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૬ તા. ૨૩.૧૦.૨૦૨૪

ગાંધીનગર મેટ્રો

# એક માસમાં ૮૫ હજાર લોકોની મુસાફરી

## ઈન્ફોસિટી અને જીએનએલયુ મેટ્રો સ્ટેશન પર પણ મુસાફરોનો ક્રાઉડ વધુ

**સે -૧ સ્ટેશન વધુ એક્ટીવ, ૩૦૬૦૧ યાત્રીએ લાભ લીધો**

। ગાંધીનગર ।

ગાંધીનગર-અમદાવાદ ખાસ કરીને મોટેરા સ્ટેડિયમ સુધી મેટ્રો ટ્રેન શરૂ થઈ જતાં મુસાફરને ઝડપી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પ્રાપ્ત થવા પામી છે. મેટ્રો ટ્રેનના લોકાર્પણને એક મહિનો પુરો થયો. આ એક મહિના લીધો છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેન આખરે શરૂ થઈ જતાં લોકોમાં એક ભરોસો બેઠી થયો છે. મેટ્રો ફેઝ-૨ની સેવાને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના જન્મદિને ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ ખૂલ્લી મૂકી હતી. ગાંધીનગરથી મોટેરા વચ્ચે મેટ્રો કનેક્ટની સુવિધા હોવાથી છેક એપીએમસીથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી હવે શક્ય બની છે. મેટ્રોમાં આ અંતર કાપતાં માત્ર

સામનો કરવો નથી પડી રહ્યો ઉપરાંત માત્ર રૂ. ૩૫ થી ૪૦ સુધીનો જ ખર્ચ થાય છે. જ્યારે ટેક્સીમાં રૂ. ૪૦૦ થી ૫૦૦ સુધીનું ભાડું ચૂકવવું પડતું હોય છે. સલામત સવારી છે તે સૌથી મહત્વની બાબત છે. કારણકે જે રીતે રોડ ઉપર દિનપ્રતિદિન ટ્રાફિક વધતો જાય છે. તેના કારણે અકસ્માતો પણ એટલા જ થઈ રહ્યા છે. જે લોકો મેટ્રોમાં સવારી કરતા થયા છે તેમને સલામતીનો અહેસાસ થઈ રહ્યો છે. ખાસ કરીને અપ-ડાઉન કરતાં

કચેરીઓમાં કામ માટે આવતા લોકો માટે મેટ્રો ટ્રેન આશીર્વાદરૂપ બની છે.

ગાંધીનગરથી મેટ્રો ટ્રેન સવારે ૭.૨૦ થી સાંજે ૭.૨૦ સુધી દોડે છે. જોકે જેમ જેમ મેટ્રોમાં મુસાફરોનો ટ્રાફિક વધશે તે પ્રમાણે સમયમાં વધારો કરાશે. હાલમાં બે ટ્રેન વચ્ચે સવા કલાકનું અંતર છે. ગાંધીનગર- અમદાવાદ વચ્ચે દોડતી મેટ્રો ટ્રેનમાં આઠ રૂટને આવરવામાં આવ્યા છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો શરૂ થયાને એક મહિનો પુરો થયો

ઓક્ટોબર સુધીમાં મેટ્રોમાં કુલ ૮૪,૬૮૫ મુસાફરોએ જર્ની કરી છે. તેમાં જીએનએલયુ સ્ટેશનથી, ૯૮૩૪, રાયસણ સ્ટેશનથી ૪૫૨૨, રાંદેસણ સ્ટેશનથી ૪૪૧૦, ધોળાકુવાથી ૭૪૯૮, ઈન્ફોસિટી સ્ટેશન સુધી ૧૧,૨૨૪, પીડીઈયુ સ્ટેશન સુધી ૧૧,૬૯૮, ગિફ્ટ સિટી સ્ટેશન સુધી ૪૮૯૮ લોકોએ મુસાફરી કરી છે. તેમાં સૌથી વધારે સેક્ટર-૧ સ્ટેશનથી ૩૦૬૦૧ મુસાફરોએ મેટ્રો ટ્રેનમાં મુસાફરીનો લાભ લીધો છે

જ્યાં મેટ્રો માટે મુસાફરોનો સૌથી વધુ ક્રાઉડ રહે છે.

હાલમાં ગાંધીનગરમાં આઠ સ્ટેશન કાર્યરત છે. મહાત્મા મંદિરને પણ મેટ્રો ટ્રેનનું જોડાણ મળનાર છે. ગાંધીનગરમાં અત્યારે મેટ્રો ટ્રેનનું ઘણું કામ બાકી છે. જે કામ પુરજોશમાં ચાલુ છે. સેક્ટર-૧ મેટ્રો સ્ટેશન વધુ એક્ટીવ જોવા મળી રહ્યું છે. કારણકે તે સચિવાલયની નજીક છે. આથી અમદાવાદથી સચિવાલય નોકરી માટે આવતા